## મોરા ભાગળમાં 3 વર્ષની બાળકી ઘરમાં ફસાઈ

સુરત: શહેરના મોરાભાગળ ભાણકી સ્ટેડિયમ પાછળ આવેલી તાજ સોસાયટીના ઘર નંબર-10માં અચાનક ઘરનો મુખ્ય દરવાજો અંદરથી લોક થઈ ગયો હતો. આ સમયે ઘરમાં 3 વર્ષની માસૂમ બાળકી મિમિમ રહેમાની એકલી હતી અને ફસાઇ ગઇ હતી. ઘટનાની જાણ થતા જ મોરાભાગળ ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. સબ ઓફિસર મહેશ પટેલ અને તેમની ટીમે અને તેને સહીસલામત બહાર કાઢી તેના પરિવારને સોંપી હતી.

## હીરાની કંપનીમાં બેભાન થયા બાદ વ્યારાના રત્નકલાકારનું મોત

સુરત: વ્યારા ખાતે આવેલ ડુંગરગામમાં 27 વર્ષીય દિવ્યેશ મહેશભાઈ ચૌધરી વરાછા માતાવાડી ખાતે આવેલ વરલી જેમ્સ નામના હીરાની કંપનીમાં રત્નકલાકાર તરીકે નોકરી કરતો હતો. ગુરુવારે બપોરે 12 વાગ્યાના સુમારે દિવ્યેશ કંપનીમાં કામ પર હાજર હતો. ત્યારે કામ કરતી વખતે બેભાન થઈને ઢળી પડ્યો હતો. બાદમાં સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## પોક્સો અને રેપના કેસમાં આરોપીના જામીન મંજૂર

સુરત: સગીરાને અલગ-અલગ સ્થળોએ લઈ જઈ બળાત્કાર ગુજારનાર આરોપી શાહરૂખ યુસુફ શેખની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ વકીલ નદીમ એચ. ચૌધરી તથા ધાર્મિક જે. ખડાવાલા મારફતે કોર્ટમાં જામીન અરજી કરી હતી. આરોપીનાં વકીલ દ્વારા દલીલ કરાઈ હતી કે બંને વચ્ચે પ્રેમસંબંધ હોય, ભોગ બનનારે પિતાના ઘરે જવાની ના પાડતાં સેલ્ટર હોમમાં મુકવામાં આવી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીને જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો હતો.

## ઉત્રાણમાં લગ્ન નહીં થતાં 29 વર્ષીય યુવતીએ ઝેર પી લીધું

સુરત: ઉત્રાણમાં લગ્ન નહીં થતાં 29 વર્ષીય યુવતીએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગર ગારિયાધારના વતની કાંતિભાઈ ધામેલિયા હાલ ઉત્રાણ વિસ્તારમાં આવેલા સાઈપૂજન સોસાયટીમાં પરિવાર સાથે રહે છે. કાંતિભાઈ રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી 29 વર્ષીય પુત્રી કૃપાના લગ્ન થતા ન હતા. જેથી ટેન્શનમાં આવીને તેએ આજે સવારે ઘરમાં ઝેર પી લીધું હતું. બનાવની જાણ પરિવારને થતાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ટુંકી સારવાર બાદ કૃપાનું મોત થયું હતું.

## દેલાડવા રામ મંદિર પાસે નવજાત બાળકીને તરછોડી દેવાઇ

સુરત: ડિંડોલી વિસ્તારમાં આવેલ દેલાડવા ગામ ખાતે ભગવાન શ્રીરામના મંદિર નજીક તળાવની પાળી પાસે નવજાત બાળકીને તરછોડી દેવામાં આવી હતી. તારીખ ૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાત્રિના અંદાજે ૧૦ વાગ્યાના અરસામાં ભગવાન શ્રીરામના મંદિર નજીક તળાવની પાળીએ એક નવજાત બાળકી રડતી હાલતમાં જોવા મળી હતી. જેથી ગ્રામજનોએ ડિંડોલી પોલીસ મથકને જાણ કરતા પોલીસ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે બાળકીની હાલત તપાસી તાત્કાલિક ઇમરજન્સી એમ્બ્યુલન્સ ૧૦૮ને બોલાવી નવજાત બાળકીને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખસેડી હતી. પોલીસે અજાણ્યા વ્યક્તિ સામે નવજાત બાળકીને ત્યજી દેવાનો ગુનો નોંધ્યો છે.

### ટેક્સટાઈલ ઉદ્યોગમાં આર્થિક સંકટ ઘેરું થતાં આજની બેઠકમાં

# 40હજાર લુમ્સ બંધ રાખવા નિર્ણય

**સચિન** જીઆઈડીસીમાં રેપિયર જેકાર્ડ વિવર એસોસિએશન ઓફ સુરતની તાકીદની બેઠક

સુરત: કાપડ ઉદ્યોગમાં ચાલતી ગંભીર આર્થિક મંદી અને કાપડ માર્કેટમાં ઊભી થયેલી તરલ પેમેન્ટ ક્રાઇસિસને પગલે ગુરૂવારે સચિન જીઆઈડીસી સ્થિત રોટરી હોસ્પિટલના ગ્રાઉન્ડમાં રેપિયર જેકાર્ડ વિવર એસોસિએશન ઓફ સુરતની તાકીદની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાશે. આ બેઠકમાં સુરત ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે જોડાયેલા હજારો વિવરોની હાજરી રહેવાની સંભાવના છે.

ઉદ્યોગમાં ઉત્પાદન વધારાના કારણે ભાવમાં સતત ઘટાડો, પેમેન્ટ મોડું મળવુ અને ખર્ચ વધતા વિવરો ભારે આર્થિક દબાણમાં આવી ગયા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુરુવારે બેઠકમાં આશરે 40,000 રેપિયર જેકાર્ડ મશીનો કેટલા દિવસ માટે બંધ રાખવા તે અંગે મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાશે. સાથે જ ઉત્પાદન કાપ મૂકવાનો અને વેપારના નવાં ધારાધોરણો નક્કી કરવાનો પણ વિચાર કરવામાં આવશે.

આવનાર સમયમાં તમામ વિવરોને પ્રોડક્શન કંટ્રોલ, વ્યવસાયમાં ટકી રહેવા માટેના પ્રયાસો અને વિવિધ વ્યવહારિક વિષયો પર માર્ગદર્શન આપવાનું પણ એસોસિએશન દ્વારા નક્કી કરવામાં આવશે. ઉદ્યોગમાં ચાલી રહેલી અનિશ્ચિતતા અને ગંભીર સંકટની સ્થિતિ વચ્ચે આજની બેઠકમાંથી લેવાતા નિર્ણયો સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. સચિન જીઆઈડીસીના વિવર અગ્રણી મહેન્દ્ર રામોલિયાએ જણાવ્યું હતું કે, ઉત્તર અને દક્ષિણ ભારતમાં કુદરતી આપત્તિઓ, ભારે વરસાદ, કમુરતાને લીધે ડોમેસ્ટિક ડિમાન્ડ નબળી પડી છે. વેપારીઓમાં ગ્રે કાપડની માંગ નબળી છે. રેપિયર જેકાર્ડ વિવર્સ વધતી નુકસાની અટકાવવા પ્રયાસ કરી રહ્યા છે. અત્યારે ઉત્પાદન કાપ જરૂરી છે, સાથે સાથે પેમેન્ટ ધારો જરૂરી છે. વિવર્સનું પેમેન્ટ 45 દિવસને બદલે 90થી 120 દિવસ છતાં આવી રહ્યું નથી.

### ગ્રે કાપડમાં ભારે મંદી: 5 લાખ સાદા શટલ લૂમ્સ વિવર્સની હાલત કફોડી

સુરત: ઉન તસ્નિમ નગર વિવર્સ એસોસિએશનના અગ્રણી આગેવાન સાદિક કાપડિયા (કોલા)એ જણાવ્યું હતું કે, સુરતમાં આશરે 5 લાખ જેટલા સાદા શટલ લૂમ ધારકો કાપડ માર્કેટમાં તેજીની રાહ જોઈ રહ્યા છે, પરંતુ હાલ પરિસ્થિતિ અત્યંત નિરાશાજનક બની ગઈ છે. હાલમાં કાપડ ઉદ્યોગમાં ભારે ઓવર પ્રોડક્શન છે. જ્યારે કાપડ માર્કેટમાં ડિમાન્ડ બિલકુલ નથી. રોજ અનેક વિવરો પોતાના કારખાનામાં આવી એકપણ સોદો કર્યા વિના પરત ફરી જાય છે. કારીગરોને નિયમિત પગાર ચૂકવવો પણ ફરજિયાત બન્યો છે. આ તમામ ખર્ચનો ભાર સીધો વિવરોના માથે આવી રહ્યો છે. ભાવોની વાત કરીએ તો પ્લેન 55 દાણી 11 રૂપિયાથી 15 રૂપિયા સુધી અને ડિઝાઇન આઇટમ 12.75 રૂપિયાથી 14.50 રૂપિયા સુધીના ભાવ ચાલી રહ્યા છે. 67 પનો 16 રૂપિયા અને 8 કિલો 18.75 રૂપિયા સુધી ભાવ થયા હોવા છતાં પણ બજારમાં કોઈ લેવલ નથી. આ પરિસ્થિતિમાં વેપારીઓ તરફથી ગ્રે કાપડની કોઈ માંગ જ નથી. જેના કારણે સાદા શટલ લૂમ્સ વિવરો માટે રોજીરોટી ચલાવવી પણ મુશ્કેલ બની ગઈ છે.

# DPSની વિદ્યાર્થિનીની છેડતીમાં સ્કુલવાન ચાલકને 7 વર્ષની સજા

**વિજયકુમાર** મધુકર પોસ્તુરે એક મહિના સુધી અડપલાં કર્યા હતાં

સુરત: ૧૭ વર્ષીય વિદ્યાર્થિનીને શાળાએ મુકવા લઈ જતી વખતે શારિરીક અડપણાં કરીને મોબાઈલ ફોનમાં ફોટા પાડવાના કેસમાં આરોપી સ્કુલવાન ચાલકને પોકસો એક્ટ સહિતની કલમો અન્વયે કોર્ટે દોષિત ઠેરવી સાત વર્ષની સજા ફટકારી હતી અને રૂપિયા ૧૫ હજારનો દંડ ફટકાર્યો હતો.

અડાજણ પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદ મુજબ ફરિયાદીની દીકરીને તેની DPS સ્કૂલે લઈ જવા લાવવાનું કામ આરોપી સ્કુલવાન ચાલક વિજયકુમાર મધુકર પોસ્તુરે કરતો હતો.

તા. ૩-૧૦-૨૪ના રોજ દિકરી અન્ય સ્કૂલવાનમા ઘરે આવતાં ફરિયાદી માતાએ દીકરીને આ અંગે પૂછતા દિકરીએ જણાવ્યું હતું કે ડ્રાયવર વિજય મને ખરાબ રીતે સ્પર્શ કરી ફોટા પાડવાની કોશિશ કરી હતી.

છેલ્લાં એક મહિનાથી શારીરિક અડપણાં કરતાં આ અંગે શાળાની શિક્ષિકાને જાણ કરતાં મને અન્ય સ્કુલવાનમાં મોકલી આપી હતી. જેથી માતાએ અડાજણ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. પોક્સોના આ કેસમાં સરકારી વકીલ ડી વી દવેએ દલીલો કરતાં કોર્ટે ફરિયાદ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને સાત વર્ષની સખ્ત કેદની સજા નો હુકમ કર્યો હતો.

### પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી અનુમાન અને સુચન જ બની રહે છે: કોર્ટનું તારણ

આરોપી ખરાબ નજરે જોઇને ગંદી હરકતો કરતો હોવાનુ ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ રહ્યું છે. બચાવપક્ષ દ્વારા માત્ર અનુમાન અને સુચનો ઉપર જ પોતાના બચાવનો આધાર રાખેલ છે. જ્યારે કાયદાનો સુવિદીત નિયમ છે કે અનુમાનો અને સુચનો ને જ્યાં સુધી નક્કર પુરાવાથી પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી તે માત્ર અનુમાન અને સુચન જ બની રહે છે.




## ‘ગુજરાતમિત્ર’ના સહકારથી મહાવીર કોલેજમાં કાલથી ટેકફેસ્ટ

**ટેકફેસ્ટમાં** B.Com, BBA, BCA, BSc. IT, MCA, MSc IT, સ્કૂલના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે

સુરત: B.Com, BBA, BCA, BSc. IT, MCA, MSc IT તેમજ સ્કૂલના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તે માટે ‘ગુજરાતમિત્ર’ના સહકાર સાથે સુરતની ભગવાન મહાવીર કોલેજ ઓફ મેનેજમેન્ટના MCA અને IMCA વિભાગ દ્વારા આગામી તા.10મી જાન્યુ.ના રોજ “MINDSPARK 2K26 - TechFest ”નું આયોજન કરવામાં આવ્યું છે. ફેસ્ટમાં બેટલ ગ્રાઉન્ડ (પબજી-ફ્રી ફાયર), બોક્સ ક્રિકેટ, રીલ મેકિંગ, કોડિંગ નિન્જા, ક્લેશ ઓફ કોડ, ટ્રેઝર હન્ટ, સ્નેક-લેડર, ગુગલર જેવી અને રોમાંચક ગેમનો સમાવેશ કરાયો છે. રજીસ્ટ્રેશન માટે https://docs.google.com/forms/d/e/1FAIpQLSeEvW2qj^fHn9gWI7hrwMVxehbPGwC--onYjf4KYsBSeZv2nA/viewform લિંક પર સંપર્ક કરવાનો રહેશે.

### ૫૦ તોલા સોનું પડાવવા માટે ખેલ રચાયો હતો

# જેટ એરવેઝ કૌભાંડનો ડર બતાવી વૃદ્ધાને ‘ડિજિટલ અરેસ્ટ’કર્યા

**અમેરિકા** રહેતા પુત્રની સતર્કતાએ માતાની મૂડી બચાવી

**બેંક** મેનેજરની સમયસૂચકતા પણ કામે લાગી

સુરત: શહેરમાં સાયબર ગુનેગારો હવે નવા-નવા પેંતરા અજમાવી રહ્યા છે. તાજેતરમાં સુરતનાં ૬૯ વર્ષીય સંગીતાબેન જરીવાલાને જેટ એરવેઝના મની લો ન્ડરિંગ કૌભાંડમાં ફસાવી દેવાની ધમકી આપી ઠગોએ ત્રણ દિવસ સુધી ‘ડિજિટલ અરેસ્ટ’ રાખ્યા હતા. એટલું જ નહીં, વૃદ્ધા પાસે રહેલું ૫૦ તોલા સોનું ગીરો મુકાવી તેના પર લોન લેવા માટે પણ દબાણ કર્યું હતું. જો કે, અમેરિકા સ્થિત પુત્રની સમયસૂચકતાને કારણે લાખોની છેતરપિંડી થતી અટકી ગઈ હતી.

બનાવની વિગત એવી છે કે, ઠગોએ તપાસ એજન્સીના અધિકારી હોવાનો સ્વાંગ રચી સંગીતાબેનને ગત સોમવારે ફોન કર્યો હતો. ઠગોએ જણાવ્યું કે, રૂ.૫૩૪ કરોડના જેટ એરવેઝ કૌભાંડમાં તમારું નામ આવ્યું છે અને તમારા નામે અનેક બોગસ બેંક ખાતાં ખૂલ્યાં છે.

આ સાંભળી ગભરાઈ ગયેલાં સંગીતાબેનને સોમવારથી બુધવાર સુધી વીડિયો કોલ દ્વારા ઘરમાં જ નજરકેદ (ડિજિટલ અરેસ્ટ) રાખવામાં આવ્યાં હતાં. સામાન્ય રીતે ઠગો બેંકમાંથી નાણાં ટ્રાન્સફર કરાવતા હોય છે, પરંતુ આ કિસ્સામાં ઠગોએ વૃદ્ધા પાસે રહેલા ૫૦ તોલા સોનાની વિગત કઢાવી તેને ગીરો મૂકી લોન લેવા મજબૂર કર્યાં હતાં. જો કે, બેંક મેનેજરે લોન આપવાનો ઇનકાર કરતા ઠગોનો આ પેંતરો નિષ્ફળ રહ્યો હતો. અંતે સંગીતાબેને ગુરુવારે અમેરિકામાં પુત્રને વાત કરતાં આ સમગ્ર ફ્રોડ હોવાનું બહાર આવ્યું હતું અને તાત્કાલિક પોલીસની મદદ લેવાઈ હતી.

પોલીસ તપાસમાં ખુલ્યું છે કે, સંગીતાબેન છ મહિના પહેલા અમેરિકા ગયાં હતાં અને તેની વિગતો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. ઠગોએ આ સોશિયલ મીડિયા એક્ટિવિટીને ટાર્ગેટ બનાવીને જ જાળ બિછાવી હતી.

# મકબૂલ ડોક્ટરના હવાલા કૌભાંડમાં વેપારીની ધરપકડ

**આરોપીએ** કમિશન પર મકબુલને બેંક ખાતું ભાડે આપ્યું હતું

સુરત: અઠવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચકચારી હવાલા કૌભાંડના કેસમાં છેલ્લા દોઢ વર્ષથી ફરાર આરોપી મોહસીન ચાંદ શેખને પોલીસે બાતમીના આધારે દબોચી લીધો હતો.

ગત ૧૪ ઓક્ટોમ્બર-૨૦૨૪ની રાત્રે પોલીસે ચોકબજાર સિંધીવાડમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે ગુપ્ત ઓપરેશન હાથ ધરી સિંપીવાડ સુફિયા મંજીલમાં રહેતા અને ત્યાંથી ઓનલાઈન ટ્રાવેલિંગ બુકિંગની ઓફિસની આડમાં હવાલા નેટવર્ક ચલાવતા મકબુલ અબ્દુલ રહેમાન ડોક્ટર, કાસીફ મકબુલ અને માઝ અબ્દુલરહીમ નાડાની ધરપકડ કરી હતી. આ દરોડામાં ૧૦૦ કરોડનું ટ્રાન્ઝેક્શન હાલ મળી આવ્યું હતું. ગત ૭મીના રોજ SOGને બાતમી મળી હતી કે અઠવાના ગુનામાં સંડોવાયેલો આરોપી કોસાડ આવાસમાં છુપાયો છે. આ બાતમીના આધારે પોલીસે કોસાડ આવાસ (અમરોલી) અને નાનપુરા વિસ્તારમાં દરોડો પાડી ૨૯ વર્ષીય મોહસીન ચાંદ શેખને ઝડપી પાડ્યો હતો.

પોલીસ પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી છે કે તે ભાગળમાં તે બુટ-ચંપલનો વેપાર કરે છે અને તેણે માત્ર આર્થિક લાભ મેળવવાની લાલચે ભાગળ ચાર રસ્તા ખાતે આવેલી ICICI બેંકનુ પોતાનુ ખાતુ મુખ્ય આરોપીઓને વાપરવા માટે આપ્યું હતું. આ એકાઉન્ટનો ઉપયોગ હવાલાનાં નાણાંની હેરફેર માટે કરવામાં આવ્યો હોવાનુ બહાર આવ્યુ છે.

# BAનો વિદ્યાર્થી ૧.૮૫ લાખની ઈ-સિગારેટ સાથે ઝડપાયો

**એક** સિગારેટ પર ૫૦૦થી ૧ હજાર કમિશન લેતો હતો

**સિગારેટ** આપનાર જનતા માર્કેટનો શફી વોન્ટેડ



સુરત: SOGએ BAના વિદ્યાર્થીને ૧,૮૫,૦૦૦ની કિંમતની ૪૫ નંગ ઈ-સિગારેટ સાથે ઝડપી પાડ્યો છે. વિદ્યાર્થીને જથ્થો આપનાર જનતા માર્કેટના સફીને વોન્ટેડ જાહેર કર્યો છે.

એસ.ઓ.જી.ના પી.આઈ. ટી.બી.પંડ્યાને મળેલી બાતમીના આધારે એસ.ઓ.જી. ટીમે સિંગણપોર-ડભોલી ટોરન્ટ પાવર પાછળ, ગોકુળ ફાર્મ પાસે છાપો માર્યો હતો. જ્યાંથી શંકાસ્પદ હાલતમાં ઊભેલા તેજસ ઉત્તમભાઈ બલદાણીયા (ઉ.વ.૨૦) (રહે.,સીતારામ સોસાયટી, વરાછા)ને અટકાયતમાં લેવામાં આવ્યો હતો. પોલીસે આરોપીની તલાશી લેતાં તેની પાસેથી ELFBAR, SWEET KING, CROWN BAR, SPACEMAN અને ELFWORLD જેવી જાણીતી વિદેશી કંપનીઓની કુલ ૪૫ નંગ ઈ-સિગારેટ મળી આવી હતી. આ મુદ્દામાલની બજાર કિ.૧,૮૫,૦૦૦ જેટલી થાય છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ધારુકા કોલેજમાં બીજા વર્ષમાં BAનો અભ્યાસ કરે છે અને નફાની લાલચે આ પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ કરતો હતો. સિગારેટ પર તેને ૫૦૦થી ૧૦૦૦ હજાર કમિશન મળતું હતું. અગાઉ છો મહિના પહેલા સિગારેટ વેચવા લઈ આવ્યો હતો. ત્યારે માતાને હાથે લાગતા પિતાએ ઠપકો પણ આપ્યો હતો. જે બાદ તેણે પિતાને ફરીવાર આ કામ નહીં કરવાનો વાયદો આપ્યો હતો. તેજસ ઈ સિગારેટ જનતા માર્કેટના સફી નામના ઈસમ પાસેથી લાવતો હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી. સિંગણપોર-ડભોલી પોલીસ મથકમાં તેજસ વિરુદ્ધ નોંધાયો છે.

## પાંડેસરાના એક મકાનમાં શોર્ટ સર્કિટથી આગ

સુરત: શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલી મસ્જિદવાળી ગલીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની ઘટના સામે આવી છે. અંબિકાનિકેતન સોસાયટીમાં રહેતા ભાનુ ગામીતના મકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. મકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ આ સપાસના રહીશોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનાની જાણ તાત્કાલિક ફાયર વિભાગને કરવામાં આવતા ભેસ્તાન ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરાતી અટકાવી હતી અને ટૂંક સમયમાં કાબૂ મેળવી લીધો હતો. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ હોવાનું બહાર આવ્યું છે.

# સુરતની ગટરની રીલ જોઈ CMOમાંથી સીધો ફોન આવ્યો

**લિંબાયતના** સોનીયાનગરમાં પીવાના પાણીની લાઇન ગટરની ચેમ્બરમાંથી પસાર થતી હતી

સુરત: લિંબાયત ઝોનના સહરા દરવાજા નજીક આવેલા સોનિયાનગર વિસ્તારમાં પીવાના પાણીની લાઈનો નાંખવાની કામગીરી ચાલી રહી હતી. સાંકડી ગલીમાં ગટરના બે ચેમ્બરો ખૂબ નજીક હોવાથી ઈજારદારે બેદરકારીપૂર્વક એક ગટર ચેમ્બરમાંથી જ પાણીની લાઈન પસાર કરી દીધી હતી. આ કારણે પીવાના પાણીમાં ગંદુ પાણી મિક્સ થવાનો ગંભીર ભય ઊભો થયો હતો. સ્થાનિક લોકોએ ઈજારદારની



આ બેદરકારીને રીલ બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરી હતી. રીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ધ્યાનમાં આવતા જ સીધો સીએમઓમાંથી સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ ઈજનેરને ફોન આવ્યો હતો અને સમગ્ર મામલે સાચી હકીકતની વિગતો તાત્કાલિક મંગાવવામાં આવી હતી. સીએમઓ તરફથી થયેલા સીધા ફોલોઅપ બાદ સુરત મનપાનું તંત્ર દોડતું થયું હતું. ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ઈજારદાર દ્વારા કરવામાં આવેલી કામગીરીની તપાસ શરૂ કરવામાં આવી હતી. પીવાના પાણીની લાઈનને તાત્કાલિક ગટર ચેમ્બરમાંથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. પાણીજન્ય રોગચાળો અટકાવવા માટે સરકાર ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી રહી છે. આવી સ્થિતિમાં ઈજારદારની બેદરકારી અને તંત્રની ઢીલી દેખરેખ સામે કડક કાર્યવાહી થાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્લમ વિસ્તારોમાં પીવાના પાણીની લાઈનોના કામમાં ખાસ તકેદારી રાખવાની સૂચનાઓ પણ મનપાને આપવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

**પતંગ પ્રેમી** કશુંક અલગ કરવાની ખેવના જ માણસને વિશેષ બનાવે છે

# સુરતીએ બનાવ્યો પીપળાના પાનમાંથી પતંગ

**સુરતના** રામપુરામાં રહેતા ડિમ્પલભાઈ જરીવાળા પાસે 1 એમએમ થી લઈ 10 ઈંચ સુધીના પતંગનું અનોખું કલેક્શન છે





સુરત: રામપુરાના ડિમ્પલ જરીવાલા આમ તો પ્રિન્ટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે પરંતુ તેમના પતંગ બનાવવાના શોખના લીધે તેઓ અન્યથી અલગ તરી આવે છે. ડિમ્પલભાઈએ હથેળીમાં સમાઈ જાય પણ આકાશને આંબી જાય તેવા બોલપેનમાંથી નીકળતી સહીના ટપકા જેટલા નાના પતંગ બનાવ્યા છે. આ વર્ષે ડિમ્પલ ભાઈ કાઈટ ફેસ્ટિવલમાં પીપળાના પાનમાંથી બનાવેલો પતંગ ઉડાડવાના છે.

ડિમ્પલ જરીવાલા પાસે 1 એમએમ થી લઈ 10 ઈંચ ના નાના કદના પતંગનુ અનોખું કલેક્શન છે. આ પતંગ તેઓએ જાતે વેસ્ટમાંથી બનાવ્યા છે. કપાયેલા પતંગોના કાગળ અને લાકડીના ઉપયોગથી આ પતંગો બનાવાયા છે. તેમની પાસે એક એમએમ, બે એમએમ, પાંચ એમએમથી લઈ પાંચથી દસ ઈંચ સુધીના પતંગોનો સંગ્રહ છે. તેમની પાસે એક પતંગ બોલપેનમાંથી નીકળતા સહીના ટપકાં જેવડો પણ છે. એ પતંગને જોવા માટે બિલોરી કાચનો ઉપયોગ કરવો પડે છે. પરંતુ નવાઈની વાત એ છે કે આ પતંગો બનાવવા માટે ડિમ્પલભાઈ માત્રને માત્ર સૂર્યપ્રકાશની મદદ લે છે. ડિમ્પલભાઈ કહે છે, કશું અલગ કરવાની ઈચ્છાના લીધે તેઓ નાના પતંગો બનાવે છે. કાઈટ ફેસ્ટિવલમાં આવેલી એક જાપાનીઝ મહિલાના આર્ટને જોયા બાદ તેમને આ પ્રેરણા મળી હતી. ડિમ્પલભાઈ પોતે પણ દર વર્ષે કાઈટ ફેસ્ટિવલમાં ભાગ લે છે.

વિડીયો જોવા માટે આ QR કોડ સ્કેન કરો

### પીપળાના પાનમાંથી પતંગ બનાવવામાં 10 મિનિટ જ લાગી

આ વખતે હું કાઈટ ફેસ્ટિવલમાં સાચા પીપળાના પાનનો પતંગ ઉડાવાનો છું, એમ જણાવતા ડિમ્પલભાઈએ કહ્યું હતું કે, આ પતંગ બનાવતા મને 10 મિનિટથી પણ ઓછો સમય લાગ્યો છે. સુકાયેલા પીપળાના પાન અને ઘરની બાંધી અને બસ ઉડાવવા માંડ્યો. આ પાંચ ઈંચનો પીપળાનો પાનનો પતંગ આકાશમાં ઊંચે સુધી ઉડી શકશે એવો મને વિશ્વાસ છે.

### પતંગવાળા ચશ્મા બનાવ્યા

આ વર્ષે મેં ચશ્મા પર પતંગની ડિઝાઇનો બનાવી છે. ચશ્મા પર પતંગના ડ્રોઇંગ કર્યા છે. ઉતરાયણમાં ચશ્મા પહેરવાનો ક્રેઝ હોય કાઇટ ચશ્મા પણ બનાવ્યા હોવાનું ડિમ્પલભાઈએ જણાવ્યું હતું.

# ન્યૂ મહાદેવ ઓઈલ ટ્રેડર્સનો કપાસિયા તેલનો નમૂનો ફેઈલ

સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગે દરોડો પાડી તેલના નમૂના લેબોરેટરીમાં મોકલ્યા હતા

**જેમાંથી** એક નમૂનો ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006ના નિર્ધારિત ધોરણો મુજબ ન હોવાનું સામે આવ્યું છે

સુરત: સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોની શુદ્ધતા ચકાસવા માટે હાથ ધરવામાં આવેલી ઝુંબેશ અંતર્ગત ફૂડ ઇન્સ્પેક્શન વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય તેલના નમુના લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓને પૃથ્થકરણ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા, જેમાંથી એક નમૂનો ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006ના નિર્ધારિત ધોરણો મુજબ ન હોવાનું સામે આવ્યું છે.

તપાસ દરમિયાન લસકાણા, કામરેજ સ્થિત ‘ન્યૂ મહાદેવ ઓઈલ ટ્રેડર્સ’ (પ્લોટ નં.એ-79, કળથીયા કોર્પોરેશન, ડિવિઝન-3)માંથી લેવામાં આવેલા ‘કોટન કિંગ રિફાઈન્ડ કોટનસીડ ઓઈલ’નો નમૂનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો છે. લેબોરેટરી રિપોર્ટ મુજબ આ તેલમાં બી.આર. રીડિંગ નિર્ધારિત મર્યાદા કરતા વધુ જોવા મળ્યું છે. આ ગંભીર બેદરકારી બદલ સુરત મહાનગરપાલિકા દ્વારા સંબંધિત સંસ્થા સામે ફૂડ સેફ્ટી એક્ટ મુજબ આગળની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે.